**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ**
**એકઝીકયુટીવ કાઉન્સીલની તા.૨૦/૦૬/૨૦૨૦ નાં રોજ ONLINE WEBEX MEET ના માધ્યમથી યોજાયેલ ૬૬ મી બેઠકની કાર્યનોંધ**

---

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકઝીકયુટીવ કાઉન્સીલની ૬૬ મી બેઠક તા.૨૦ જુન, ૨૦૨૦ નાં રોજ બપોરે ૦૪:૦૦ કલાકે **ONLINE WEBEX MEET** ના માધ્યમથી આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડૉ. કૃષ્ણપ્રસાદ નિરૌલાજી
(૩) ડૉ. લલીતકુમાર એ. પટેલ
(૪) શ્રી જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ
(૫) ડૉ. પંકજ ત્રિવેદી
(૬) ડૉ. વાચસ્પતિ મિશ્રા
(૭) પ્રિ. અર્જુનકુમાર શામલ
(૮) ડૉ. દશરથ જાદવ – કુલસચિવ
(૯) શ્રી એ.જે.રાઠવા – મુખ્ય હિસાબી અધિકારીશ્રી, આમંત્રીત સભ્યશ્રી

સૌ પ્રથમ માન.કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ કુલસચિવશ્રી દ્વારા માન.કુલપતિશ્રીની સૂચનાથી સૌ મહાનુભાવોનું સ્વાગત કરી એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

૬૬.૦૧ તા.૨૬/૦૫/૨૦૨૦ થી આજ દીન સુધી કરેલ કામગીરીનો અહેવાલ

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા તા.૨૬/૦૫/૨૦૨૦ થી તા.૧૯/૦૬/૨૦૨૦ સુધી કરેલ કામગીરીનો વિસ્તૃત અહેવાલ રજુ કરવામાં આવ્યો જેમાં કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૬૬.૦૨ તા.૧૭/૦૬/૨૦૨૦ ની નાણાં સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટીમાં તા.૧૭/૦૬/૨૦૨૦ ના રોજ મળેલ નાણાં સમિતિની બેઠકની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. જેમાં અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ બાબતમાં ક્રમ નં.૨ ની વિગતે યુનિવર્સિમાં ઓનલાઈન શૈક્ષણિક કાર્ય હેતુ યુનિવર્સિટીનુ કામ ખોરંભાય નહી તે માટે યુનિવર્સિટીની જરૂરીયાતને ધ્યાને લઈ ઈન્વેટર–બેટરી ખરીદ કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

૬૬.૦૩ તા.૧૮/૦૬/૨૦૨૦ ની બાંધકામ સમિતિની બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટીમાં તા.૧૮/૦૬/૨૦૨૦ ના રોજ મળેલ બાંધકામ સમિતિની બેઠકની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૬૬.૦૪ તા.૧૩/૦૩/૨૦૨૦ ની ૬૪ મી ઈ.સી.ની બેઠકના ઠરાવ અંતર્ગત અનુસ્નાતક વિભાગના અધ્યક્ષ તરીકે ડો.લલિતકુમાર એ. પટેલ(એસો.પ્રોફેસર) ની નિમણુંકને બહાલી આપવા અંગે.

ઠરાવ : માન.કુલપતિશ્રી દ્વારા યુનિવર્સિટીમાં અનુસ્નાતક વિભાગના અધ્યક્ષ તરીકે ડો.લલિતકુમાર એ. પટેલ (એસો.પ્રોફેસર) ની નિમણુંક બે વર્ષ માટે કરવામાં આવી છે તેની સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૬૬.૦૫ યુનિવર્સિટીના આગામી પરીક્ષા માટે કરેલ આયોજનની જાણ કરવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા આગામી પરીક્ષા માટે બહાર પાડેલ જાહેરનામાં મુજબ નિયત કરેલ તારીખો પ્રમાણે પરીક્ષા લેવી તથા યુનિવર્સિટી સાથે સંકળાયેલ મહાવિદ્યાલયના જે અધ્યાપકોએ પરીક્ષા આપવાની છે તે અધ્યાપકો માટે કોવીડ–૧૯ ની પરીસ્થિતિને ધ્યાને લઈ આ વર્ષ માટેની હાલની પરીક્ષા નજીકના પરીક્ષા કેન્દ્ર ખાતે આપવા માટેની વ્યવસ્થા કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું. તેમજ આ બાબતે કોવીડ–૧૯ ની પરીસ્થિતિને ધ્યાને લઈ પરિસ્થિતિ મુજબ નિર્ણયો લેવા માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

૬૬.૦૬ મહાનુભાવોના સુચનો.

ઠરાવ : ૬૬.૦૬.૦૧ માન.કુલપતિશ્રી દ્વારા અધ્યક્ષ સ્થાનેથી ગત ઈ.સી.માં ગુજરાત રાજયમાં સંસ્કૃત ભાષા ભણાવતાં ધો.૬, ધો.૭ તથા ધો.૮ પ્રાથમિક શાળાના ભાષાના શિક્ષકો માટે ઓનલાઈનના માધ્યમથી સંસ્કૃતમાં પ્રશિક્ષણ વર્ગ શરૂ કરવા માટે યુનિવર્સિટી કક્ષાએથી આગળની કાર્યવાહી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો જેમાં હવે યુનિવર્સિટી તથા સંસ્કૃત ભારતીના સંયુકત ઉપક્રમે પ્રશિક્ષણ વર્ગનો કાર્યક્રમ કરવો જેના માટે (૧) ડો.લલીતભાઈ પટેલ, અધ્યક્ષશ્રી, અનુસ્નાતક વિભાગ, સસસયુ (૨) ડો.ગોપાલભાઈ ઉપાધ્યાય, આસી.પ્રોફેસર, આઈ.આઈ.ટી.ઈ., અમદાવાદ, તથા (૩) ડો.કિશોરભાઈ સેવલીયા, ભેંસાણ દ્વારા સમગ્ર યોજનાનું પ્રારૂપ નક્કી કરી માન.કુલપતિશ્રીના માર્ગદર્શનમાં આગળની કાર્યવાહી કરવા માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

૬૬.૦૬.૦૨ સભ્યશ્રી ડો.જીતેન્દ્ર બ્રમહ્ભટ્ટ દ્વારા યુનિવર્સિટીમાં મંજુર થયેલ જગ્યાઓ પૈકી જે શૈક્ષણિક જગ્યાઓ ખાલી છે તે ભરવા માટે આગળની કાર્યવાહી કરવા સૂચન કરવામાં આવેલ હતું તે અંગે સૌ મહાનુભાવોએ જાહેરાત આપી આગળની કાર્યવાહી કરવી તેમ નિર્ણય કરવામાં આવ્યો.

૬૬.૦૭ અધ્યક્ષસ્થાનેથી રજુ થાય તે.

ઠરાવ : ૬૬.૦૭.૦૧ – માન.કુલપતિશ્રી દ્વારા અધ્યક્ષ સ્થાનેથી યુનિવર્સિટી સંચાલિત કોલેજ ખાતે આસી.પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો.રમેશચંદ્ર શુકલના ગેરશિસ્ત અને ખોટા આક્ષેપ પ્રકરણમાં વકીલશ્રી દ્વારા તૈયાર થઈને આવેલ ડ્રાફટ મુજબ પત્ર પાઠવવો તેમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

૬૬.૦૭.૦૨ – માન.કુલપતિશ્રી દ્વારા અધ્યક્ષ સ્થાનેથી બી.એડની બાબત રજૂ કરતાં બી.એડ માટે NCTE ની મંજુરી મેળવવા માટે યુનિવર્સિટી દ્વારા પ્રયત્ન કરવામાં આવી રહયા છે પરંતુ એકઝીકયુટીવ કાઉન્સીલના સર્વે મહાનુભાવો પોતાની કક્ષાએથી પણ મંજુરી મળે તે માટે યોગ્ય કરે તેમ સૂચન કરેલ છે.

બેઠકને અંતે કુલસચિવ દ્વારા ઉપસ્થિત સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

(ડૉ.દશરથ જાદવ)
કુલસચિવ